સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય ઝંખતા ઉપવાસીની તબિયત લથડી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય મેળવવા છેલ્લા ૧૭ દિવસથી ઉપવાસ પર બેઠેલા ઉપવાસીની તબિયત લથડતા તાત્કાલીક ૧૦૮ બોલાવીને ગાંધીનગર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જયાં ઉપવાસીને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગત્ તા.૮મી નવેમ્બરના રોજથી જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના અંતરીયાળ ગામના વતની વિરોજા વિરેન્દ્રભાઈ લાલજીભાઈ ખેતરમાં ઉભા કરવામાં આવેલા વિજપોલના પ્રશ્ને લઈ ન્યાય માટે શહેરમાં યુજીવીસીએલના સામે મોરચો માડીને બેઠા છે. આ ન્યાય ઝંખતો યુવાન છેલ્લા ૧૭ દિવસથી ઉપવાસ પર બેઠો છે. પરંતુ તંત્રના પેટનું પાણી હાલતુ નથી. તેમજ ઉર્જા મંત્રીની મુલાકાત અંગે અવાનનવાર સચિવાલયના ચક્કર લગાવ્યા પરંતુ વિભાગમાં મળવાની મંજુરી ન મળતા ઉપવાસી નિરાશ થતા તંત્ર સામે આક્રોશ ઠાલવ્યો હતો. ત્યારે ન્યાય મેળવવા માટે અનેકવાર રજુઆત કરી હોવા છતા તંત્રના પેટનું પાણી હલતુ નથી. ખેતરમાં વિજપોલના પ્રશ્ને અંગે યુજીવીસીએલની સામે આ ઉપવાસીએ બાયો ચડાવી છે. ત્યારે ઉપવાસી આજે બપોરના સુમારે પાણી પીવા માટે ઉભો થયો હતો. ત્યારે અચાનક ચક્કર આવતા નીચે પડી ગયો હતો. ત્યારે આજુબાજુમાં અન્ય ઉપવાસીઓએ તાત્કાલીક પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. પોલીસ અને ૧૦૮ આવી જતા તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ ઉપવાસીએ ન્યાય નહી મળે ત્યાં સુધી પોતાની લડત ચાલુ રાખવાનું જણાવ્યું હતું.

@ગાંધીનગર

● શહેરની માઉન્ટ કાર્મેલ શાળા સે-૨૧નું એન્યુઅલ ડે ફંકશન બપોરે ૩.૧૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા સે-૭-બી પ્લોટ નં. ૪૧૯ ખાતે આનંદનો ગરબો પન્નાબેન ચાવડાના નિવાસસ્થાને યોજાશે.

સમગ્ર ગુજરાત રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ઓમ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદિશ જી. પ્રિયદર્શી જણાવે છે કે ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં રોહિત સમાજના જીવનસાથી પસંદગી મેળાનું તા.૨૨ જાન્યુઆરી, ૨૦૧૭ને રવિવારના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે આયોજન કરવામાં આવ્યું છે તેમાં રસ ધરાવતા યુવક યુવતીઓએ પોતાનો બાયોડેટા તેમજ પારીવારીક સંપૂર્ણ માહિતી નીચેના સરનામા પર મોકલવા વિનંતી છે.

સંસ્થાના પ્રમુખ જગદીશ જી. પ્રિયદર્શી, ૭૬/૫, જ ટાઈપ, સે-૬, મો. ૯૬૦૧૫૧૬૪૨૯, ૮૭૩૪૦૧૬૦૧૫

સંસ્થાના સહયોગી વિઠ્ઠલભાઈ કડીકર, ૫૬૧/૧, સે-૩-સી, મો. ૯૩૭૪૬૯૬૮૦૮.

મોતીલાલ ચૌહાણ, ૭૯/૨, સે-૧૪, મો. ૮૧૫૫૯૧૦૫૯૬.

દલિત સેના દ્વારા સ્નેહમિલન બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા તા. ૨૭ નવેમ્બર ૨૦૧૬, રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સમિતિખંડ ખાતે સ્નેહમિલન બેઠક યોજવામાં આવેલ છે.

આ બેઠક જિલ્લા પ્રમુખ બી.એચ. મેસરવાલાના અધ્યક્ષસ્થાને રાખેલ છે. આ બેઠકમાં નવા વર્ષની શુભેચ્છા, સભ્ય નોંધણી તેમજ ભાવિ કાર્યક્રમનું આયોજન, દલિતો પર થતા અત્યાચારો વગેરે મુદ્દાઓને આવરી લેવાશે.

આ બેઠકમાં ઉત્તર ગુજરાત ઝોન પ્રભારી કનુભાઈ ચૌહાણ, ગુજરાત પ્રદેશ પ્રભારી મુકેશ ગુર્જર, પ્રદેશ પ્રમુખ ડી.બી. પરમાર વગેરે ઉપસ્થિત રહેશે. આમ બેઠકમાં મહિલા સહિત તમામ ગાંધીનગર જિલ્લાના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા જિલ્લા મહામંત્રી દિનકરભાઈ આર. પરમાર, રમેશભાઈ વાણીયા, ઉપપ્રમુખ દાનાભાઈ મિસ્ત્રી, જયંતીલાલ બી. છત્રરિયા તેમજ મહિલા પ્રમુખ પુષ્પાબેન પી. ડોડિયાએ જણાવેલ છે.

બીએસએફ દિવસની ઉજવણીનું ભવ્ય આયોજન

બીએસએફથી અમદાવાદ સુધીની સાયકલ રેલી યોજાશે : રકતદાન શિબિર, ચિત્ર સ્પર્ધા, રસ્સા ખેંચ, બેસ્ટ ટર્ન આઉટ, સંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર ખાતે ૫૧મો બીએસએફ દિવસ ધામધૂમથી ઉજવાશે. તા ૧લી ડિસેમ્બરે બોર્ડર સિકયુરિટી ફોર્સ ડેની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચિત્ર સ્પર્ધા, સાયકલ રેલી, રસ્સા ખેંચ, રકતદાન શિબિર, તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો અને બીએસએફના જવાનો માટેની ખાસ 'બેસ્ટ ટર્ન આઉટ' સ્પર્ધા યોજાશે.

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર સ્થિત બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર મુખ્ય કેન્દ્ર ખાતે તા. ૧લી ડિસેમ્બરે ૫૧માં બીએસએફ દિવસની ઉજવણી પ્રસંગે આયોજિત ચિત્ર સ્પર્ધામાં ૫ વર્ષની ઉંમરથી ૮ વર્ષ તથા ૯ વર્ષથી ૧૨ વર્ષની ઉમર સુધીના અલગ અલગ ગૃપ બનાવી સ્પર્ધા યોજાશે. વળી આ દિવસે બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર કેન્દ્રથી અમદાવાદ સુધીની સાયકલ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્થાનિક નિવાસીઓ તથા બીએસએફના જવાનો માટે રસ્સા ખેંચ સ્પર્ધા પણ યોજાશે. આ દિવસે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે રકતદાન કેમ્પ અને ધો-૧૦ અને ધો-૧૨ના તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ પણ યોજાશે. આ ઉપરાંત બીએસએફના જવાનો માટે ખાસ 'બેસ્ટ ટર્ન આઉટ' સ્પર્ધા યોજાશે તેમજ મહાભોજન સમારંભ પણ યોજાશે. આ કાર્યક્રમમાં યોજાયેલ તમામ સ્પર્ધાઓના વિજેતાઓને બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના મહાનિર્દેશક અજય કુમાર તોમરના હસ્તે ઈનામ આપી સન્માનવામાં આવશે.

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો સ્નેહમિલન, તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તાજેતરમાં સમાજના વિશ્રાંતિ ભવન ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે કનુભાઈ મફતભાઈ પટેલ ઈસનપુર મોટાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સ્નેહમિલન સમારોહમાં બાળકો તેમજ ચક્ષુદાતાઓનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ સૌ ભાઈ બહેનોને તેમજ તેજસ્વી તારલાઓને નુતનવર્ષના અભિનંદન પાઠવી પ્રાસંગીક ઉદ્બોધન કર્યું હતું. જયારે સંસ્થા દ્વારા મંચસ્થ મહેમાનોનું શાલ અને બુકે આપી સન્માન કરાયું હતું. જયારે સમુહલગ્નના કન્વીનર અરવિંદભાઈએ ૨૪માં સમુહલગ્નન તારીખ જાહેર કરી હતી. સમાજના જ્ઞાતિજનો દ્વારા સમુહલગ્ન માટે દાનનો પ્રવાહ વહેતો થયો હતો. સમારોહના અધ્યક્ષ કનુભાઈ પટેલે પરિવારના કલ્યાણ મંચમાં રૂ ૧૦ લાખ દાન પેટે જાહેર કર્યા હતા અને ૨૪માં સમુહલગ્નમાં દરેક કન્યાને તિજોરી આપવાની જાહેરાત કરી હતી.તેમજ ચીનુભાઈ પ્રજાપતિએ દરેક કન્યાને રૂ.૧૦૦૦ રોકડા તથા સમાજને રૂ. ૨૧ હજાર, કોદરભાઈ પ્રજાપતિ, રમેશભાઈ પ્રજાપતિ, અમૃતભાઈ પ્રજાપતિ, ફકીરભાઈ પ્રજાપતિ સહિતના સમાજના આગેવાનોએ દાનમાં ઉદાર હાથે ફાળો આપતા દાતાઓને તાળીઓથી વધાવી લીધા હતા. પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયની રકમ ચેક દ્વારા આપવામાં આવી હતી. જયારે કાર્યક્રમના અંતે આભારવિધિ નંદુભાઈ.પ્રજાપતિએ કરી હતી.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં નાણા વિભાગ કવૉટર ફાઈનલમાં

ગાંધીનગર, તા.૨૫

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની મેચ સેકટર-૨૧ જીમખાના ક્રિકેટ મેદાન ખાતે નાણા વિભાગ અને ગૃહ વિભાગની ટીમ વચ્ચે રમાઈ હતી.

૨૦ ઓવરની આ મેચમાં ગૃહ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લીધી અને ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૨૬ રન બનાવ્યા હતા જેમાં ગૃહ વિભાગની ટીમની બેટીંગમાં રીકીત સોની ૫૮ રન અને રાજેશ ઠકકર ૨૭ રન મુખ્ય હતા. નાણા વિભાગની બોલીંગમાં ધર્મેશ કહાર ૪ ઓવરમાં ૪ વિકેટ, દિલીપસિંહ રાજપુતે ૩ ઓવરમાં ૩ વિકેટ અને વૈભવ મોડએ ૩ ઓવરમાં ૩ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગની ટીમે ૧૮.૩ ઓવરમાં ૫ વિકેટે ૧૩૧ રન કરતા ૫ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો અને કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. નાણા વિભાગની ટીમની બેટીંગમાં સંદિપસિંહ ચાવડા ૪૦ રન (૧ સિકસ, ૬ ચોગ્ગા), દિલીપસિંહ રાજપુત ૩૩ રન (૧ સિકસ, ૨ ચોગ્ગા), શૈલેષ પ્રજાપતિ ૨૯ રન (૧ ચોગ્ગો) નોટ આઉટ અને હિતેશ ઠાકોર ૧૪ રને નોટ આઉટ રહ્યા હતા. ગૃહ વિભાગની બોલીંગમાં સત્યજીત ચાવડા ૪ ઓવરમાં ૩ વિકેટ અને રાજેશ ઠકકરે ૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગની ટીમનો ૫ વિકેટે ભવ્ય વિજય સાથે કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ થયો હતો. મેચમાં ઓલરાઉન્ડ દેખાવ બદલ દિલીપસિંહ રાજપૂતને મેન ઓફ ધ મેચ જાહેર કર્યું હતું. દિનેશ દાણીએ નાણા વિભાગની ટીમના મેનેજરની જવાબદારી અદા કરી હતી.

ગુડાના ટી.પી. રોડનું મુર્હત

ગાંધીનગર, તા.૨૫

ઉર્જાનગર વિભાગ-૧માં ગુડાના ટીપીનું રોડનું મુર્હત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે અને રાંદેસણના સરપંચ પોપટજી ગોહિલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના મહામંત્રી આઈ.બી. વાઘેલા,

તાલુકા પ્રમુખ કાળુસિંહ, તાલુકા સદસ્ય રાજુભાઈ પટેલ, રાયસણના સરપંચ યોગેશભાઈ પટેલ, ગુડાના કાર્યપાલક ઈજનેર એન.એમ. પટેલ, તલાટી ગાભાજી ઠાકોર તેમજ રાંદેસણ પંચાયતના સભ્યો રાજભા, ઈન્દુભાઈ, કાળુભાઈ, વિરભદ્રભાઈ, આસપાસની સોસાયટીના પ્રમુખ સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ઉર્જાનગરના પ્રમુખ પી.જે. પટેલે કર્યું હતું. અન્ય મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

શંભુજી ઠાકોરે તેમના વકતવ્યમાં જણાવ્યું કે તે સોસાયટીના વિકાસ માટે તમામ પ્રકારની મદદ કરશે. ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ સ્વચ્છતા પર ભાર મુકયો હતો અને ત્યાં બીજા રોડ બનશે તેની ખાત્રી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જોઈન્ટ સેક્રેટરી જયંતીભાઈ વી. પટેલે કર્યું હતું.

સિવિલમાં ડાયાલિસીસની શીફટમાં વધારો કરાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલાં કાર્યરત હિમો ડાયાલિસીસ સેન્ટર ખાતે દર્દીના ધસારાને અનુલક્ષી તંત્ર દ્વારા મંગળવાર અને શુક્વારના રોજ એક શીફટનો વધારો કરવામાં આવ્યો છે. ડાયાલિસીસ સેન્ટર બે શીફટમાં સવારે ૮ થી ૪ દરમ્યાન કાર્યરત રહે છે જેમાં વધારો કરવામાં આવ્યો છે. આગામી સમયમાં લાભાર્થીઓનો ધસારો વધશે તો અઠવાડીયાના બાકી રહેતા દિવસોએ પણ શીફટમાં વધારો કરવામાં આવશે. અત્યાર સુધી આ ડાયાલિસીસ સેન્ટરનો ૭૨૦૦ લાભાર્થીઓએ લાભ લીધો છે. ત્યારે જિલ્લાના તેમજ આસપાસના વિસ્તારમાં રહેતા દર્દીઓ માટે ગાંધીનગર હોસ્પિટલનું ડાયાલિસીસ સેન્ટર આશિવાર્દરુપ સાબિત થવા પામ્યું છે.

ગુજરાત રાજયની જનતાના આરોગ્ય માટે તંત્ર દ્વારા વિવિધ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો લાભ દરેક

દર્દીઓની સંખ્યા વધતા તંત્ર દ્વારા મંગળ અને શુક્વારના રોજ શીફટમાં વધારો

માનવીને મળે તે માટે સતત આરોગ્ય વિભાગના અધિકારીઓ પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે કિડનીને લગતી બિમારીથી પિડાતા દર્દીને દુર ડાયાલિસીસ માટે જવુ ના પડે તેમજ ઉત્તમ સગવડ સાથેના ડાયાલિસીસ મોટાભાગે દરેક જિલ્લામાં કાર્યરત કરવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલના ત્રીજા માળે તંત્ર દ્વારા હિમો ડાયાલિસીસની સગવડ ઉભી કરાઈ છે. આ ડાયાલિસીસ સેન્ટરમાં ફ્રી ડાયાલિસીસ કરી આપવામાં આવે છે.ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા દર્દીઓને નજીક પડતુ હોવાથી શહેરની હોસ્પિટલમાં ડાયાલિસીસ અર્થે આવે છે.

અત્યાર સુધીમાં ૭૨૦૦ દર્દીઓએ લાભ લીધો છે. દર્દીઓનો ધસારાને કારણે ડાયાલિસીસના ટેકનીશીયન જીગ્નેશભાઈ દ્વારા મંગળવાર અને શુક્વારના રોજ એક શીફટમાં વધારો કરવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું. જયારે બાકીના સામાન્ય દિવસોમાં બે શીફટમાં ડાયાલિસીસ કરવામાં આવે છે. સેન્ટરમાં અત્યારે હાલના સમયે ૧૦ ડાયાલિસીસ મશીન છે. જેમાં સવારે ૮ થી ૪ નો સમય રાખવામાં આવેલ છે. પરંતુ મંગળ અને શુક્વારે સવારે ૮ થી ૮ દરમિયાન દર્દીઓથી ડાયાલિસીસ સેન્ટર ધમધમે છે. ત્યારે આગામી દિવસોમાં પણ દર્દીઓનો ધસારો વધશે તો બાકીના દિવસોએ પણ સેન્ટરનો સમયમાં શીફટમાં વધારો કરવામાં આવશે. શહેરની હોસ્પિટલમાં ડાયાલિસીસ અર્થે આવતા દર્દીઓમાંથી કેટલાક દર્દીઓએ કિડની પ્રત્યારોપણ કરાવતા નવી જીંદગી ઉત્સાહભેર જીવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર ડાયાલિસીસ સેન્ટર જિલ્લાવાસીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થવા પામ્યું છે.

નવ પરગણા ગરો બ્રાહ્મણ વિકાસ સંઘનો સ્નેહમિલન ૨૭મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

નવ પરગણા ગરો બ્રાહ્મણ વિકાસ સંઘના સ્નેહમિલન સમારોહનું આયોજન ૨૭મીએ કરવામાં આવ્યું છે.

આ સમારોહ ૨૭મીએ રવિવારના રોજ બપોરે ૩થી ૬ કલાક દરમિયાન ગુજરાત નગરપાલિકા પરિષદ, બાબુભાઈ જી. પટેલ ભવન, ન્યાય મંદિરની પાછળ, પથિકાશ્રમની બાજુમાં, સે-૧૧ ખાતે યોજાશે. આ કાર્યક્રમના અંતે સૌ જ્ઞાતિજન માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ પ્રસંગે સૌ જ્ઞાતિજનોને સંસ્થાના પ્રમુખ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વાતવાતમાં

● ગુજરાત યુનિ.ની તા. ૧લી ડિસેમ્બરથી પ્રારંભ થઈ રહેલ પરીક્ષા અંગે એક જ દિવસમાં બબ્બેવાર ટાઈમ ટેબલ બદલાતા વિદ્યાર્થીઓ ભારે મુંઝવાયા હતા. ગાંધીનગરની કેટલીક કોલેજોએ તો રિસિપ્ટ સુધ્ધાં પ્રિન્ટ કરી નાંખી હતી અને પછી ટાઈમટેબલ બદલાતા બધી રિસિપ્ટ માથે પડી હતી.

● ગાંધીનગરના કોંગ્રેસી કોર્પોરેટર તથા પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ચિમન વિઝુંડાએ તેમની ફેસબુક વોલ પર 'આઈ ડોન્ટ સપોર્ટ ભારત બંધ' એવું લખાણ પોસ્ટ કર્યું છે. બંધનું એલાન વિપક્ષો દ્વારા અપાયું છે જેમાં મુખ્ય ભૂમિકા કોંગ્રેસની હોવા છતાં કોંગ્રેસી કોર્પોરેટરની આ ચેષ્ટાએ અનેક તર્ક વિતર્કો ઉભા કરવા સાથે વ્હોટસએપ પર પોસ્ટ ફરતી થઈ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના વર્ગ-૧થી માંડીને વર્ગ-૪ સુધીના તમામ કર્મચારીઓ શુક્વારે રાત્રે રાજસ્થાન ખાતે સુંધા માતાના દર્શન-પ્રવાસે જવા રવાના થયા છે. આ સમગ્ર પ્રવાસ શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ દ્વારા સ્પોન્સર કરાયો હોવાની માહિતી જાણવા મળી છે.

● પાટનગર ખાતે આવેલ વિધાનસભા સંકુલ સામે ચ માર્ગ પર બાઈકસવાર બે યુવતિઓનો એક કાર સાથે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં યુવતિઓને સમાન્ય ઈજાઓ સાથે બંને વાહનોને પણ નજીવું નુકશાન થવા પામ્યું હતું.

કચ્છ મિત્ર મંડળનો સરસ્વતી સન્માન સમારંભ ૧૮મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં વસવાટ કરતા અને મુળ કચ્છી હોય તેવા ભાઈ-બહેનોને જણાવવાનું કે કચ્છી મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા બાળકોનું સરસ્વતી સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઈન્ટરનેશનલ કોમેડી કીંગ શ્રી ઉમેશ રાવનો હાસ્ય સભર કાર્યક્રમ તા. ૧૮ ડીસેમ્બર ૨૦૧૬ના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ખીમજી વિસરામ હોલ, કડી શૈક્ષણિક સંકુલ, ગેટ નં.-૭, સે-૨૩ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. બાળકોની માર્કશીટની નકલ સ્થાનિક પ્રતિનિધિને તા. ૫મી ડીસેમ્બર પહેલા મોકલી આપવા વિનંતી છે. અથવા ટે.નં. ૯૪૨૭૮ ૦૧૪૦૩, ૯૪૨૮૩ ૫૫૭૫૧, ૯૪૨૮૦ ૪૯૦૦૯, ૯૮૨૫૦ ૩૩૭૪૦, ૯૮૨૫૦ ૨૯૩૪૦ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

નોટબંધી સાથે 'ભારત બંધ' મુદ્દે સોશ્યલ મિડિયા પર મેસેજ યુધ્ધ

ગાંધીનગર, તા.૨૫

નોટબંધી જયારથી જાહેર કરવામાં આવી છે ત્યારથી દેશભરમાં અરાજકતા સાથે સોશ્યલ મિડીયામાં પણ જાણે યુધ્ધનો માહોલ સર્જાયો છે. છેલ્લા ૧૫ દિવસમાં અત્યાર સુધીના સૌથી વધુ મેસેજીસની આપ લે કરાઈ છે. શરૂઆતમાં સરકારના નિર્ણયની તરફેણ કરત મેસેજીસ ચાલ્યા પછી વિરોધીઓ પણ સક્રીય થતા ધીમેધીમે નોટબંધીનો વિરોધ કરતા મેસેજીસ પણ વધવા લાગ્યા. અંતે તરફદારો અને વિરોધીઓ વચ્ચે જાણે 'સાયબર યુધ્ધ' ફાટી નિકળ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. એમાં પણ જયારથી કોંગ્રેસ દ્વારા તા. ૨૮મી નવેમ્બરે ભારત બંધનું એલાન અપાયું છે ત્યારથી તો વ્હોટસએપ, ફેસબુક અને અન્ય સોશ્યલ મિડીયા પર તે અંગે તરફેણને વિરોધ કરતા મેસેજીસે નેટીઝન્સને સતત વ્યસ્ત રાખ્યા છે.

● ભાઈઓ અને બહેનો,

જો જો હો પેલો આપડો ગુજરાતી એકલો ના પડી જાય.. બંધનો જોરદાર વિરોધ કરજો.

● હું સાચો ભારતીય છું, હું વિપક્ષના ભારત બંધના એલાનનો સંપૂર્ણ બહિષ્કાર કરું છું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના અમલને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

● ભારત બંધ વાળાને કહો એક દિવસ સરહદ બંધ કરવા જવાનું છે. આવશે?

● એક પરિણિતાનો વડાપ્રધાનને સવાલ... મંગળસુત્રમાં 'બ્લેકમણી' ચાલશે કે એ પણ બદલવા પડશે?

● તમે પાંચસો માટે દિવસભર બેંકની લાઈનમાં ઝઘડી શકો છો... તો જેમના અરબો રૂપિયા ડૂબી ગયા હોય શું તેઓ દિવસભર સંસદમાં હંગામો પણ ના કરે??

● આજકાલ બજારમાં એક નવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે કોઈ પણ વસ્તુ ખરીદવા જાઓ એટલે પહેલુ પુછાય છે, પેમેન્ટ 'ગાંધી'માં કરશો કે 'મોદી'માં?

● પહેલા લગ્નની કંકોત્રી છપાઈને આવતી તો સૌથી પહેલા મંદિરમાં મુકવા જતા... હવે બેંકમાં જવામાં આવે છે.

● બ્રેકીંગ ન્યુઝ : પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસીંગ આજે પાર્લામેન્ટમાં બોલ્યા... તેમના પરિવારે મોદીનો આભાર માન્યો જયારે ડૉકટરોએ કહ્યું આ તો ચમત્કાર કહેવાય.

● લાઈનમાં છેક સુધી રહ્યાં તો અમે પૈસા આપીશું-એસબીઆઈ બેંક

અને જો 'ના રહ્યાં' તો અમે પૈસા આપીશું-એલઆઈસી

● બધા ય ગબ્બરસિંઘ બની ગયા છે. એટીએમમાં જઈને આવીએ એટલે તરત જ પૂછે છે... 'કિતને આદમી થે?'

● સફેદ નાણું - કમાવવું મુશ્કેલ

કાળું નાણું - છુપાવવું મુશ્કેલ

ગુલાબી નાણું - છુટ્ટા કરાવવુ મુશ્કેલ

● ૫૦ દિવસમાં દેશ સ્વર્ગ બન જાયેગા ફિર હમ ભારતવાસી નહીં... સ્વર્ગવાસી કહેલાયેંગે...

● જે લોકો મહીનાની ૧૦ તારીખે જ પગાર ખાલી થઈ જાય છે તેવા રોંદણા રોતા હતા... ખબર નહી એ બધા ૨૫ તારીખે એટીએમની લાઈનમાં શું લેવા ઉભા હતા?

● મારા મોબાઈલ પર મેસેજ આવ્યો 'શું તમે નરેન્દ્ર મોદીની સાથે છો?' મેં કહ્યું 'ના હું તો ઘરે જ છું, કેમ કાંઈ કામ હતું?' - ખબર નહી શું કામ હશે?

● ૨૮મી નવેમ્બરે ભારત બંધમાં બધી ૫૦૦/૧૦૦૦ની નોટો ભેગી થવાની છે, જે સરકારે બંધ કરેલ છે. જન હિતમાં જારી...

● કાલા ધન તુમ્હારા ડૂબા ધંધા હમ બંધ કરે? અમે તો બે કલાક દુકાન વધુ ચલાવીશું.

● બચપણમાં આપણને દાઢીવાલા બાવાથી બીવડાવતા, સાલુ મોટા થાય તોય દાઢીવાલાથી બીવાનું?

● ઘરવાળીના હાથમાંથી રિમોટ લઈને કયારેય ટીવી બંધ કર્યું છે? તોજ ભારત બંધની વાત કરજો.

● જેમનાથી કૂકરના ઢાંકણા બંધ નથી થતા તેવા ભારત બંધ કરવાની વાત કરે છે.

● ખિસ્સામાં ભલે સમોસુ ખરીદવાના પૈસા ના હોય પરંતુ બધાના વાહનોની ટાંકીઓ ફુલ છે.

● ૨૮મી તારીખે આપણું ગૃપ ચાલુ રહેશે!!

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૨૫

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા નિદાન કેમ્પનું આયોજન આવતીકાલે તા. ૨૭મી નવેમ્બરના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ઓમ દેવ આર્યુકેર સેન્ટર ઈડરના અનુભવી વૈદ્ય શ્રી અરવિંદ પંડીત તથા વૈદ્ય શ્રી વનરાજસિંહના નિદર્શન હેઠળ તમામ રોગનું નિદાન કરવામાં આવશે.

આ નિદાન કેમ્પમાં કબ્જ, હરસ, મસા, થાઈરોઈડ, ડાયાબીટીસ, મોટાપા, હૃદયરોગ, સાંધાનો વા, મૂત્ર રોગ, પથરી, ચામડીના રોગ, બહેનોને લગતી તકલીફ વગેરેનું નિદાન કરી આપવામાં આવશે. આ ઉપરાંત સ્કીન કેર આંખની આસપાસનાં કુંડાળા, ખીલ વગેરે માટે નિદર્શન સાથે હેલ્થ ડ્રીંકસનો પણ લાભ લેવા નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા તમામ સભ્યો તથા સર્વે નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા હસમુખભાઈ રમણભાઈ, ઉ.વ.૪૦
- સ્વ. પરમાર પુષ્પાબેન બળદેવભાઈ, ઉ.વ૪૫
- સ્વ. ઠાકોર કાન્તાબેન કાનાજી, ઉ.વ.૫૫
- સ્વ. નાયક કનુભાઈ કચરાલાલ, ઉ.વ.૬૦
- સ્વ. કાપડીયા અમૃતલાલ કરશનદાસ, ઉ.વ.૬૬
- સ્વ. વાઘેલા હેમતુજી ફૂલાજી, ઉ.વ.૯૦
- સ્વ. શાહ બબીબેન મનસુખભાઈ, ઉ.વ.૯૦